જા. નં. મા-૨/ ૯-૦
તા. ૨૦.૧૨.૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ
સુરત શહેર

આ સાથે સામેલ પરિપત્રનો આપની
કક્ષાએ તાત્કાલિક અમલ કરવું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત.

બિડાણ:- ઉપરના પરિપત્રની નકલ

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૬૬૩-૭૪૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૯/૦૧/૨૦૨૫

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** શાળા, કોલેજોના વિદ્યાર્થીઓના eKYC બાબતે આચાર્ય/શિક્ષિકો, VCE, નાયબ મામલતદાર (પુરવઠા), ઝોનલ અધિકારીશ્રીઓને જાણકારી તેમજ તેમનાં પ્રશ્નોના નિરાકરણ બાબત.

**સંદર્ભઃ-** નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનો પત્ર નં.NFSA/e-KYC/ રેશનકાર્ડ/ લાભાર્થી/ફા.નં.૧૬/૨૦૨૩/પાર્ટ-૩ તા. ૨૮/૦૧/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ભારત સરકારની સૂચના મુજબ તમામ કલ્યાણકારી યોજનાઓમાં DBT નો લાભ મેળવવા માટે લાભાર્થીઓનું eKYC થયેલ હોવું જરૂરી હોય અન્ન, ના.પુ. અને ગ્રા.બા. વિભાગ દ્વારા હાલ રેશનકાર્ડધારકોના eKYC ની કામગીરી, (૧) My Ration મોબાઈલ એપ્લીકેશન (૨) ગ્રામ પંચાયત ખાતે VCE દ્વારા તથા (૩) અધિકારી/ કર્મચારી/ VCE/ આચાર્ય/ શિક્ષકો દ્વારા PDS+ મોબાઈલ એપ્લીકેશનથી કરવામાં આવી રહેલ છે.

જે અન્વયે, e-KYC દરમિયાન આધાર અપડેશન (Aadhaar Updation) બાબતનાં પ્રશ્નો આવી રહ્યા છે જે માટે નાયબ મામલતદાર, શિક્ષકો, આચાર્ય, પ્રોફેસર, V.C.E. તમામ કર્મચારીઓ જે PDS+ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે. તેમજ મહાનગરપાલિકા, ઓપરેટર, જુનિયર કારકુન,સીનિયર ક્લાર્ક,સબ રજીસ્ટ્રારશ્રી, રજીસ્ટ્રારશ્રી (જન્મ અને મૃત્યુ),આંકડાકીય મદદનીશશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, MOH (મેડિકલ ઓફિસરશ્રી), જનસંપર્ક અધિકારીશ્રી (PRO) તેમજ નગરપાલિકાઓ, ચીફ ઓફિસરશ્રી, કારકુન,ઓપરેટર, સબ રજીસ્ટ્રારશ્રી જન્મ અને મરણ જેવા તમામ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીને તેમજ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી હેઠળ કામગીરી કરતા I.T.I Instructor ને e-KYC અંગેના PDS+ એપ્લિકેશનના પાવર આપવામાં આવેલ છે.

જેથી e-KYC ની કામગીરી સાથે સંકળાયેલ વિવિધ કચેરીઓના અધિકારી/ કર્મચારીઓને e-KYC દરમિયાન ખોટાં આધાર સીડ ન થાય તેમજ e- KYC ની પ્રક્રિયામાં ઉપસ્થિત થતા પ્રશ્નો સંબંધિત માહિતી આપવા હેલ્પલાઈન નંબર તેમજ FAQ બાબત માટે **તા.૩૦/૦૧/૨૦૨૫ ગુરૂવારના રોજ બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ કલાક સુધી BISAG ના માધ્યમથી e-KYC બાબતે વિશેષ જાણકારી આપવાનું ફરીથી આયોજન કરવામાં આવેલ છે.**

સદર બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓના શિક્ષકો/આચાર્યોને સદર તાલીમમાં BISAG ના માધ્યમથી જોડાય તે બાબતે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણઃ-** ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર ...
તારીખ ...

(એ.જે.પીપળીયા)
શૈક્ષણિક અધિક્ષક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- સંયુક્ત નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, બ્લોક નં. ૧૪/૬, સરદાર પટેલ ભવન, નવા સચિવાલય, ગાંધીનગર